# 5 ભરતી થવા માટે તૈયારીરૂપે તમે કરી શકો તેવી 5 બાબતો

1

## HealthCare.gov ની મુલાકાત લો

હેલ્થ ઈન્સ્યોરન્સ માર્કેટપ્લેસ (Health Insurance Marketplace®)અને અન્ય પ્રોગ્રામ્સ જેવા કે Medicaid અને ચિલ્ડ્રન્સ હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોગ્રામ (Children's Health Insurance Program, CHIP) વિશે વધુ જાણો.

2

## તમારા નિયોક્તાને પૂછો કે શું તેઓઆરોગ્ય વીમો આપે છે

જો તમારા નોકરીદાતા સ્વાસ્થ્ય વીમો ઓફર કરતા નથી, તો તમે માર્કેટપ્લેસ (Marketplace) અથવા અન્ય સ્રોતો, જેમ કે મેડિકેર (Medicare) અથવા TRICARE દ્વારા કવરેજ મેળવી શકો છો.

3

## તમારો આરોગ્ય પ્લાન પસંદ કરવાનો સમય થાય તે પહેલા પ્રશ્નોની યાદી બનાવો.

દાખલા તરીકે, "શું હું મારા હાલના ડૉક્ટરની જ સેવા લઈ શકીશ?" અથવા "શું આ પ્લાન હું પ્રવાસ કરું દરમિયાન મારા આરોગ્યના ખર્ચને આવરશે?".

4

## તમારા ઘરની આવક વિશે પ્રાથમિક માહિતી એકઠી કરો.

તમારે તમારા W-2, પે સ્ટબ અથવા ટેક્સ રિટર્નમાંથી આવકની માહિતીની જરૂર પડશે.

5

## તમારું બજેટ બનાવો.

વિવિધ જરૂરિયાતો અને બજેટોને પહોંચી વળવા માટે અલગ અલગ પ્રકારના હેલ્થ પ્લાન હોય છે. તમે દર મહિને પ્રીમિયમ પર કેટલો ખર્ચ કરી શકો છો અને પ્રિસ્ક્રિપ્શન્સ અથવા તબીબી સેવાઓ માટે તમે પોતાના નાણાં માંથી કેટલી ચૂકવણી કરવા માંગો છો તે રકમ જાણવાની જરૂર પડશે.

## Health Insurance Marketplace

તમારી પાસે Marketplace ની માહિતી સુલભ ફોર્મેટમાં મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો. જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે.

**CMS.gov/about-cms/agency-information/aboutwebsite/CMSNondiscriminationnotice** ની મુલાકાત લો અથવા 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

DEPARTMENT OF HEALTH & HUMAN SERVICES · USA

HealthCare.gov

CMS Product No. 11629-GU (Gujarati) September 2023

This product was produced at U.S. taxpayer expense.

Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health & Human Services.



# લ્થ ઇન્શ્યોરન્સ માર્કેટપ્લેસ (Health Insurance Marketplace®)

## આરોગ્ય વીમાના વિકલ્પો

Marketplace તમને એવા આરોગ્ય કવરેજ શોધવામાં મદદ કરે છે જે તમારા બજેટને અનુરૂપ હોય અને તમારી જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. જ્યારે તમે કવરેજ માટે અરજી કરો છો, ત્યારે તમે તમારા બધા વિકલ્પો વિશે શોધી શકો છો અને તમે નોંધણી કરી શકો છો. જો તમે પાત્ર હો તો તમે ખાનગી વીમા, Medicaid અથવા ચિલ્ડ્રન્સ હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોગ્રામ (CHIP) માટે અરજી કરી શકો છો.

Marketplace માં રહેલ દરેક આરોગ્ય પ્લાનમાં ડૉક્ટરની મુલાકતો, રોગ નિવારક કાળજી, હોસ્પિટલમાં દાખલ થવું, પ્રિસ્ક્રિપ્શનો જેવી વધુ બાબતો સહિત સમાન અનિવાર્ય આરોગ્ય લાભ ઓફર કરે છે. તમે પસંદગી કરો ત્યાર પહેલા તમે કિંમત, ફાયદા અને અન્ય તમારે માટે મહત્ત્વની લાક્ષણિકતાઓના આધારે તમે પ્લાનની તુલના કરી શકો છો.

## કાનગી કંપનીઓ દ્વારા ચલાવાતા ઇશ્યોરન્સ પ્લાન્સ (વીમા યોજનાઓ)

Marketplace મારફત અપાતી વીમા યોજનાઓ ખાનગી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવે છે. તમે Marketplace માં તમારા સ્વાસ્થ્ય કવરેજ વિકલ્પોની તુલના કરી શકો છો અને નોંધણી કરવાનું નક્કી કરતા પહેલા તમારું પ્રીમિયમ, કપાતપાત્ર અને ખિસ્સામાંથી શું ખર્ચ થશે તે જોઈ શકો છો.

તમારા અને તમારા પરિવારના સભ્યો માટે રક્ષણો હાજર છે. વીમા યોજના તમને અગાઉથી હાજર અથવા કેન્સર કે ડાયાબિટીસ જેવી લાંબા ગાળાની સ્થિતિઓને કારણે આવરણ આપવું નકારી શકે નહીં અને તેઓ પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ પ્રિમિયમો ન રાખી શકે.

## ખર્ચ માટે મદદ મેળવો

જ્યારે તમે માર્કેટપ્લેસ (Marketplace) નો ઉપયોગ કરો છો, ત્યારે તમે તમારૂ માસિક પ્રીમિયમ ઘટાડવા માટે અને તમારા પોતાના દ્વારા કરવામાં આવતા ખર્ચમાં મદદ કરવા માટે ટેક્સ ક્રેડિટ મેળવી શકશો. જ્યારે તમે અરજી કરો ત્યારે તમને જણાશે કે તમે કેટલી બચત કરી શકશો.



## MARKETPLACE નું અવલોકન કરો

તમારા પ્રશ્નોના જવાબો મેળવવા **HealthCare.gov** ની મુલાકાત લો અને Marketplace વિશેના ઇમેલ મેળવવા સાઇન અપ કરો. તમે Marketplace કૉલ સેંટરને 1-800-318-2596 પર ફોન પણ કરી શકો છો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

ઓપન એનરોલમેન્ટ દરમિયાન (નવેમ્બર 1 - જાન્યુઆરી 15), તમે **HealthCare.gov** અથવા તમારા રાજ્યના માર્કેટપ્લેસ પર જઈ શકો છો અને સ્વાસ્થ્ય કવરેજ માટે અરજી કરી શકો છો, તમારા બધા વિકલ્પોની તુલના કરી શકો છો અને પ્લાનમાં નોંધણી કરી શકો છો.

તમે ઓપન એનરોલમેન્ટ સિવાયના કવરેજ માટે અરજી કરી શકો છો, જો તમે અંદાજિત ઘરગથ્થુ આવકના આધારે અથવા જીવન પરિવર્તનને કારણે વિશેષ એનરોલમેન્ટ અવધિ માટે પાત્ર છો, જેમ કે:

- Medicaid, CHIP અથવા અન્ય કવરેજ ગુમાવવું
- લગ્ન કરો છો
- તમને બાળક છે
- સ્થાન બદલો છો
- તમારી અંદાજિત ઘરગથ્થુ આવકમાં ફેરફાર થાય છે

તમે એ જ એપ્લિકેશનનો ઉપયોગ કરીને વર્ષના કોઈપણ સમયે Medicaid અને CHIP માટે અરજી કરી શકો છો.